## વડીલોને વંદન અભિનંદન



રાઠોડ પ્રતાપસિંહ બી
(૧૯૪૮) મો.૯૭૨૩૩૪૯૭૨૧

### આજે દૂરદર્શન પર સ્કૂલ ઓફ એક્ટીંગના વિદ્યાર્થીઓની મુલાકાતનું પ્રસારણ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઓફ એક્ટીંગના વિદ્યાર્થીઓએ આજે દૂરદર્શનની મુલાકાતે ગયા હતા. નાટ્ય વિભાગના અનેક પાસાઓ અંગે વૈવિધ્યપૂર્ણ માહિતી મેળવી હતી.

જાણીતા કલાકાર અને સ્કૂલ ઓફ એક્ટીંગના ડાયરેક્ટર પ્રકાશ લાલાએ પ્રત્યક્ષ માહિતીસભર તાલીમ આપી હતી.

દૂરદર્શનના અધિકારીઓએ પણ તાલીમાર્થીઓને ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું હતું. આવતીકાલે ૧લી નવેમ્બરે ગાંધીનગરના સ્કૂલ ઓફ એક્ટીંગના વિદ્યાર્થીઓની મુલાકાતનું દૂરદર્શન પર બપોરે ૧૧.૦૨ કલાકે પ્રસારણ કરાશે.

### વિશ્વમાં રવિવારે કંકણાકૃતિ ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં જોવા નહ મળે

વિવારે આકાશમાં કંકણા કૃતિ ખગ્રાસ સૂર્યગ્રહમ થશે. જે ભારતમાં દેખાશે નહીં. વિશ્વના દેશોમાં ખંડગ્રાસ કંકણાકૃતિ ખગ્રાસ સૂર્યગ્રહણનો નજારો જોવા મળશે. દક્ષિણ આફ્રિકા, કેન્યા, યુગાન્ડામાં સંશોધનો પડાવ નાંખેલ છે. વિજ્ઞાન જાથાએ ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપેલ છે. ગ્રહણો માનવજીવનને અસર કર્તા નથી. જ્યાં ગ્રહણની સ્થિતિ સર્જાશે ત્યાં ૧ મિનીટને ૪૦ સેકન્ડ દિવસે અંધારું જેવું થશે. અબજો વર્ષ પછીની ઘટના કુદરતી નિયમાનુસાર બનવાની છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## શબ્દાવલી - ૫૨૨૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૪ | | | ૫ |
| ૬ | | | ૭ | | ■ | ■ | |
| | ■ | ૮ | | ■ | ૯ | ૧૦ | |
| | ■ | | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | | ૧૫ |
| ■ | ૧૬ | ૧૭ | | ■ | | ■ | |
| ૧૮ | | | | ■ | ૧૯ | ૨૦ | |
| ૨૧ | | ■ | | ■ | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. કાકડો, ચીનગારી (૩)
૪. મૃત્યુ પછીનો સ્વર્ગ વગેરે લોક (૪)
૬. રઝળપાટ (૫)
૮. સ્પષ્ટતા, સમજણ (૨)
૯. ચોખા કે ઘઉંની એક વાનગી (૩)
૧૧. ગુલાલ (૩)
૧૨. કામમાં લીન (૨)
૧૪. કોપવું, ગુસ્સે થવું (૫)
૧૬. પેન, લખાણ (૩)
૧૮. સૌરાષ્ટ્રનો એક વિસ્તાર (૪)
૧૯. જહન્નમ, નર્ક (૩)
૨૧. એક ધાન્ય (૨)
૨૨. જ્ઞાતિ, સમાજનું (૨)

### ઊભી ચાવી

૧. પરણીને લાવેલી સ્ત્રી (૫)
૨. જૂ નામના જંતુના ઈંડા (૨)
૩. ... કરવી, તોડવું ફોડવું તે (૪)
૫. કઠીન, અઘરી (૩)
૭. પડળ (૨)
૯. હાલતું-ફરતુ બદલાતુ (૫)
૧૦. ઈસ્લામનું દીક્ષા વાક્ય (૩)
૧૧. 'પાગ' શબ્દ ઊંધો (૨)
૧૩. ઝગડો, ટંટો (૪)
૧૪. કોમળ હોવું તે (૪)
૧૫. નાજુકાઈ (૪)
૧૭. પ્યાર, પ્રેમ (૨)
૧૮. આપત્તિ, આફત જેવા છોકરા (૨)
૨૦. રવિવારે... હોય (૨)

### શબ્દાવલી ૫૨૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) પલટન (૪) વિપદ (૭) સંત (૮) ગલ (૧૦) લોજ (૧૧) તરવરાટ (૧૨) ગીટાર (૧૪) લફરાબાજ (૧૯) કારતક (૨૧) લલાટ (૨૩) રટ (૨૪) ખીટી (૨૫) અદાવત

**ઊભી ચાવી :-** (૧) પસંદગી (૨) લત (૩) નગર (૫) પલોટવું (૬) દાજ (૯) લવ (૧૧) તરફરાટ (૧૩) ટાલ (૧૫) બાકાયદા (૧૬) જર (૧૭) પાકટ (૧૮) પાલખી (૨૦) તરત (૨૨) લાટી

# સંઘ પર સરદાર પટેલે પ્રતિબંધ મુક્યો હતો તેને મોદી માન્ય કરશે?

## નકલી લોકો આજે સરદાર પટેલના નામે રાજનીતિ કરવા નીકળી પડ્યા છે, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાનો મોદી પર જોરદાર વળતો પ્રહાર

અમદાવાદ, તા.૩૧

સરદાર વલ્લભભાઈ પટેલના નામે કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે જબરજસ્ત રાજકીય યુદ્ધ છેડાયું છે. સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કેવડીયા કોલોની ખાતે સરદાર પટેલની વિશ્વની સહુથી ઉંચી પ્રતિમાની આદારશીલા મુકતા સરદાર પટેલ સાથે અન્યાય થયો હોવાનું કોંગ્રેસ પર સીધા અને ધારધાર પ્રહારો કર્યા હતા ત્યાં બીજી તરફ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ પણ નરેન્દ્ર મોદી અને ભાજપ ઉપર વળતો પ્રહાલ કરતા સરદાર પટેલને દશદ્રોહી ગણાવનાર નકલી લોકો આજે સરદાર પટેલના નામે હલકી રાજનીતિ કરવા નીકળી પડ્યા છે તેવા આક્ષેપ કર્યો હતો એટલું જ નહીં મોઢવાડીયાએ સરદાર પટેલની વિશ્વની સહુથી ઉંચી પ્રતિમા બને તેનું સ્વાગત કર્યું હતું પરંતુ સરદાર સરોવર યોજનાનું કામ વહેલું પુરૂ કરો એ જ સરદાર પટેલને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે તેવી મોદીને સલાહ પણ આપી હતી.

અર્જુન મોઢવાડીયાએ આજે કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રી મોદીને તેમના આક્ષેપોનો જવાબ આપવા પડકાર ફેક્યો હતો તેમણે જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ ઉપર પ્રતિબંધ મુક્યો હતો તેને તમે માન્ય કરો છો કે નહી તેનો નરેન્દ્ર મોદી જાહેર ખુલાસો કરે. સંઘના અગ્રણી વી.એચ. શેષાદ્રીએ ૧૯૮૨માં "ટ્રેઝીફ સ્ટોરી ઓફ પાર્ટીશન" નામની એક પુસ્તક લખી હતી જેમાં સરદાર વલ્લભભાઈ પટેલને રાષ્ટ્ર વિરોધ ચિતરવામાં આવ્યા હતા. ભાજપના જ આગેવાન જશવંતસીંગે પણ તેમની પુસ્તકમાં નહેરૂ અને સરદારને દેશના ભાગલા માટે જવાબદાર ગણાવ્યા હતા અને સરદાર પટેલ કાશ્મીર જવા દેવાની લાગણી ધરાવતા હતા તેવું લખવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદીએ તેનો પણ ખુલાસો કરવો જોઈએ. તેમણે વધુમાં મોદીને એવો પણ ટોણો માર્યો હતો કે તેઓ દલ કરતા દેશને મોટો ગણાવે છે તો આજના સરદાર પટેલની પ્રતિમાના શિલાન્યાસના કાર્યક્રમમાં વડાપ્રધાનને કેમ બોલાવ્યા નહીં. જે રીતે સરદાર પટેલ સ્મારક ટ્રસ્ટના સરદાર પટેલ મ્યુઝિયમના લોકાર્પણ કાર્યક્રમમાં વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રીને બોલાવવાનો આગ્રહ રાખ્યો હતો. સરદાર પટેલને અન્યાય થયો હોવાના નરેન્દ્ર મોદીના ભાષણના અંશને ટાંકીને તેમણે કહ્યું કે સરદાર પટેલને અન્યાય થયો હોય તો કોણે કહ્યું અને ક્યા લખાયું છે મોદી માત્ર મનઘંડત વાતો કરે છે.

તેમણે મોદી સામે ખુરશીના દાસ હોવાનો આક્ષેપ કર્યો હતો અને તેમના દ્વારા કેશુભાઈ પટેલ, કાશીરામ રાણા, ડો. એ.કે.પટેલ, આત્મારામ પટેલ, સંજય જોશીને અન્યાય થયો હતો તેમણે તો "વાજપેયી કી ધોતી બીકી કરોડો મેં" જેવા સુત્રોચ્ચાર કરાવી વાજપેયીને અને તેમના ગોડફાદર અડવાણીને પણ અન્યાય કર્યો હોવાનો ધારદાર વ્યંગ કર્યા હતા.




ગઈરાત્રીએ લગભગ ૯.૩૦ના સુમારે સેક્ટર-૬ અને સેક્ટર-૩ જવાનાં રસ્તે જીજે-૧૮-એસી-૮૯૯૪, ગર્વમેન્ટ ઓફ ગુજરાત લખેલી કારનું ડ્રાઈવર સાઈડનું ટાયર ફાટતાં ફંગોળાઈને ડીવાઈડર સાથે ભટકાતાં કારને ખાસ્સું નુકસાન થયું હતું. સદ્નસીબે ડ્રાઈવરે સૂચકતા વાપરાંત પોતાને કે અન્ય કોઈને પણ શારીરિક ઈજાો થઈ ન હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# સોમનાથ મંદિરની ૨૫ હેક્ટર જમીન પાછી લેવાનો કારસો

## સરદાર પટેલે સોમનાથ મંદિરના પૂનઃનિર્માણ માટે માંગેલી જમીન પાછી ખેંચી લેવાની હીલચાલ કમનસીબ

અમદાવાદ, તા.૩૧

ગુજરાત કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલે આજે જણાવ્યું હતું કે એક તરફ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સરદાર વલ્લભભાઈ પટેલના નામે રાજનીતિ કરવા નીકળી પડ્યા છે ત્યારે બીજી તરફ જે સોમનાથ મંદિરના પુનઃ નિર્માણ માટે સરદાર વલ્લભભાઈ પટેલના આગ્રહથી તત્કાલીન સરકારે જમીન ફાળવી હતી તે પૈકી અઢી લાખ ચોરસમીટર જમીન સોમનાથ ટ્રસ્ટ પાસેથી પાછી મેળવવા માટે સરકારે નિર્ણય કર્યો છે.

આ અંગે ચોંકાવનારી વિગતો આપતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટરે ચાલુ મહિનાની જ તા. ૮મી ઓક્ટોબર ૨૦૧૩ના રોજ સોમનાથ ટ્રસ્ટના સેક્રેટરીને એક પત્ર લખી સોમનાથ મંદિરની જમીનમાં જિલ્લા સેવા સદન તથા અન્ય કચેરીઓ માટે બહુમાળી ભવન બનાવવા માટે અઢી લાખ ચોરસમીટર એટલે કે ૨૫ હેક્ટર જમીન રાજ્ય સરકારને પરત આપવા જણાવ્યું છે અને આ અંગે સોમનાથ ટ્રસ્ટમાં ઠરાવ કરવાની પણ વિનંતી કરી છે. રાજ્ય સરકારનો આ નિર્ણય ભારે આઘાતજનક હોવાનું જણાવિ સિદ્ધાર્થ પટેલે ઉમેર્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલના નામે મોદી મોટી વાતો કરનાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પડદા પાછળ કેવી ભૂમિકા ભજવે છે તેનો આ ઉત્તમ દાખલો છે. તેમણે કહ્યું જે સંગઠન ઉપર સરદાર વલ્લભભાઈ પટેલે પ્રતિબંધ મુક્યો હતો તે સંગઠનના લોકો આજે સરદાર વલ્લભભાઈ પટેલના નામે રાજનીતિ કરવા નીકળી પડ્યા છે તે ખુબ જ કમનસીબ છે.

# જાગૃતિ નાગરિક પરિષદે સિવિલ હોસ્પિટલના પડતર પ્રશ્નોની રજુઆત કરી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર જાગૃત પરિષદ દ્વારા તા. ૨૯ ઓક્ટોબરના રોજ સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ચાલતી વ્હાલા-દવલાની નીતિ જેવા પ્રશ્નોની રજુઆત કરવા સિવિલ સર્જનની મુલાકાત લીધી.

ગાંધીનગર શહેર જાગૃત પરિષદ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી વ્હાલા દવલાની નીતિ અપનાવવામાં આવી રહી છે. તેમજ રોગી કલ્યાણ સમિતિ દ્વારા સિવિલમાં ન્યૂરોસર્જન, કાર્ડીયોલોજીસ્ટ જેવા ડૉક્ટરોની સેવાઓ કાયમી ધોરણે ઉપલબ્ધ કરવામાં આવે તેવી માંગ કરી હતી. કાર્યક્રમમાં લવજીભાઈ વાડીઆ, જ્યોતિકરભાઈ દવે, રાજેન્દ્ર પારેખ, નિરંજનભાઈ ઓઝા, હસમુખભાઈ ઠાકર, ડી.એલ. પરમાર સહિત પરિષદના સભ્યો જોડાયા હતા.



ડીસા શહેરમાં વસતા પટેલ સમાજ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે સરદાર બાગ નજીક આવેલા સરદાર પટેલના બાવલા, ફુલહાર કરી શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં પટેલ સમાજના સભ્યો હાજર રહ્યા હતા. અને ડીસા શહેર યુવા ભાજપ દ્વારા પણ સરદાર બાગ પાસે આવેલા સરદાર પટેલના બાવલાને ફુલહાર કરી તેમના જન્મ જયંતીની ઉજવણી કરી હતી. જેમાં યુવા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ડભોડીયા હનુમાનજી મંદિરે ધન તેરસની રાત્રે મહાઆરતી યોજાશે

## કાળી ચૌદશે ભવ્ય મેળામાં લાખો માનવમહેરાણ ઉમટશે : નમન કરતી ગાયના પગલે ખોદકામ થતાં હનુમાનદાદાની મૂર્તિ મળી આવી હતી

ચિલોડા, તા. ૩૧

હનુમાનજીદાદાની સ્વયંભુ પ્રતિમા મોગલોના શાસન સમયે ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાંથી મળી આવી હતી. એક હજાર વર્ષ જૂના મંદિરનો જિર્ણોદ્ધાર થતાં હાલમાં જિલ્લાનું પવિત્ર યાત્રાધામ તરીકે સ્વરૂપ બદલાયું છે. એવું કહેવાય છે કે મોગલોના લાખો ભાવિકોની શ્રદ્ધા મુજબ વિશેષ મહિમા ધરાવતા ડભોડીયા હનુમાન મંદિરનો ધાર્મિક ઈતિહાસ શ્રધ્ધાળુઓ માટે રસપ્રદ બની રહ્યો છે. આ મંદિરમાં ધનરેતસની રાત્રે બનાવેલ દોરો તેમજ તાવીજ પહેરવાથી ભાવિકભક્તો અનેક રીતે રાહત અનુભવે છે. અને મનોકામનાઓ પૂર્ણ થાય છે. ગામની સરહદી જમીનમાં



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

શાસન દરમ્યાન પાટણના રાજ્ય ઉપર અલાઉદ્દીન ખીલજીએ ચઢાઈ કરતાં હાલમાં જ્યાં ડભોડા ગામ છે ત્યાં તે સમયે ગાઢ જંગલ હોવાથી પાટણના રાજાએ અહીં આશરો લીધો હતો. ગામની પૂર્વ દિશાએ ખારી નદી અને જંગલોમાં રબારી અને ભરવાડો રાજ દરબાના પશુઓને ચરાવવા લઈ જતા હતા. રાજાની માનીતી એક ટીલડી ગાય પશુઓના ટોળામાંથી અલગ થઈ સાંજ પડે પશુઓના ટોળામાં પાછી પરત ફરતી હતી. ગાયના નિત્ય ક્રમથી ભરવાડે ગાયની પાછળ જઈ તપાસ કરી તો ગાય તે જગ્યાએ નમન કરતી હતી. ભરવાડે આ વાત રાજાને કહેતા રાજાએ પણ આ ગાયનું દશ્ય આંખે નિહાળ્યું. રાજાએ રાજપુરોહિતોની સલાહ લીધી તે મુજબ શુભ દિવસ મૂહુર્ત જોઈને તે જગ્યા ઉપર ખોદકામ કરાવ્યું તો સ્વયંભૂ હનુમાનજીની સુંદર મૂર્તિ મળી આવી. રાજાએ તે જગ્યાએ મંદિરની સ્થાપના કરી ત્યાર બાદ માનવ વસવાટ થયો. જે આજના ડભોડા ગામ તરીકે ઓળખાય છે. જે જગ્યાએ મંદિરની સ્થાપના કરી તે આજના ડભોડીયા હનુમાજી દાદા તરીકે સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રદ્ધાનું પ્રતિક સમા દર શનિવારે તથા મંગળવારે હજારોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શન કરવા માટે આવે છે.

ખેતીના પાકોને નુકસાન કરનાર તીડ કે કાતરા જોવા મળતા નથી. દર શનિવારે તથા મંગળવારે હજારોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શન કરવા માટે આવે છે. દાદાને તેલ, સિંદુર, શ્રીફળ આંકડાની માનતા તથા ચોખ્ખા ઘીની સુખડી અર્પણ કરે છે. આ ધામમાં આવીને દાદાને અંતઃકરણપૂર્વક હનુમાન ચાલીસા તથા પ્રાર્થના, આરતી કરવાથી ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે. દર શનિવારે મંદિર ખાતે ૫૦,૦૦૦ થી વધુ ભક્તિજનો દર્શનનો અનેરો લાભ લી ધન્યતા અનુભવે છે. આ મંદિરે આવતા દર્શનાર્થીઓમાં ધનતેરસ અને કાળીચૌદશના દર્શન કરવાનો અનોખો ધાર્મિક મહિમા અપરંપાર છે. લાખો ભક્તો ડભોડીયા હનુમાન દાદાના દર્શન માટે ઉમટી પડે છે. ડભોડામાં બે દિવસનો લોકમેળો માણવા હવે ગણતરીના કલાકો બાકી હોવાથી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

સુપ્રસિદ્ધ ડભોડીયા હનુમાન દાદાના મંદિર ખાતે તા. ૧લીને ધનતેરસની શુક્રવારને રાત્રે ૧૨ વાગ્યાની આરતી સાથે મંદિરના દ્વાર ખુલશે. અને મેળાનો પ્રારંભ થશે. તા. ૨જીના શનિવારે કાળી ચૌદશના રોજ રાત્રે બાર વાગ્યા સુધી મેળો યોજાશે. જેમાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ મેળાનો લ્વાહો લેશે.

# બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા મહત્વના નિર્ણયો લેવાયા

અમદાવાદ, તા.૩૧

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન અનિલ સી. કેલ્લાના અધ્યક્ષપદે સાધારણ સભા બોલાવવામાં આવી હતી. આ સાધારણ સભામાં એનરોલમેન્ટ ફી, એડવોકેટ્સ વેલ્ફેર ફંડ અને એક્ઝામીનેશન ફી મુદ્દે સર્વાનુમતે ચર્ચા થઈ હતી. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા એડવોકેટસ એક્ટ ૧૯૬૧ અનુસાર એનરોલમેન્ટ ફી ૬૦૦ લેવામાં આવતી હતી એ એનરોલમેન્ટ ફી વધીને ૬૦૦૦ કરવાનો નિર્ણય બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ કર્યા બાદ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે પણ સાધારણ સભામાં એનરોલમેન્ટ ફીના વધારાને યોગ્ય ઠેરવ્યો હતો. તદઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સ્ટેટરોલ પર નોંધાયેલ અને ગુજરાત એડવોકેટસ વેલ્ફેર ફંડના સભ્ય સમયસર નહિ બને કે સભ્ય બનવામાં વિલંબ કરશે તો તેવા એડવોકેટ વેલ્ફેર ફંડ હેઠળ મળવાપાત્ર રકમના વાર્ષિક ૩ ટકા લેખેની રકમ ઓછી મળશે. જો કે વેલ્ફેર ફંડની રકમ આગામી વર્ષથી ૩ લાખ જેટલી મળશે. આ વેલ્ફેર ફંડ મુખ્યત્વે વકીલના મૃત્યુ પછી તેના કુટુંબીજનોને મળે છે તેમજ ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ સભ્યપદ ફી ૫૦૦૦ કરવામાં આવી છે.

## મંત્રીમંડળનું વિસ્તરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજકીય વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ રાજ્યના ઉત્તર, મધ્ય, દક્ષિણ અને સૌરાષ્ટ્રના પ્રતિનિધિઓ અને સર્વજ્ઞાતિઓને પ્રતિનિધિત્વ મળી રહે તે જોવાશે. આ વર્તુળોએ એવા પણ નિર્દેશ આપ્યા છે કે હાલના મંત્રીમંડળના કેટલાક મંત્રીઓના ખાતાઓમાં ફેરફાર થશે તો કેટલાકના કાર્યભારણને હળવુ કરવામાં આવશે. મંત્રીમંડળના શપથવિધિ સમારોહની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. બપોર બાદ તમામને તેમના ખાતાઓની ફાળવણી કરી દેવામાં આવશે.

## ઘરાકીથી ભરચક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારની અને બપોરથી મોડી રાત સુધી શહેરી વિસ્તારની ઘરાકી જોવા મળી હતી. બજારોની બહાર લાગેલી વાહનોની કતાર પરથી જ જાણી શકાતું હતું કે બજારોમાં કેટલી ભીડ છે. ઘરાકી ઉઘડતા વેપારીઓથી લઈને નાના નાના ફેરીયાઓવાળા પણ ખુશ ખુશાલ થઈ ગયા હતા. આજે સરકારી કચેરીઓમાં રજા હોવાથી તેની સીધી અસર બજારો પર જોવા મળી હતી. ખરીદી માટે લોકોએ પૈસા ઉપાડવાનું શરૂ કરતા મોટા ભાગના એટીએમમાં પૈસા ખુટી પડયા હતા. એટીએમની બહાર લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી.

## શિલાન્યાસ વિધિ સંપન્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરદાર પટેલે આઝાદ ભારતની એકતા અને અખંડિતતા માટે લોખંડી મનોબળ અને રાજકીય કુનેહથી દેશના ૫૬૫ જેટલા દેશી રાજયો રજવાડાનું ભારતમાં વિલીનીકરણ કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું અને મહાત્મા ગાંધીજીના આઝાદીના આંદોલનના શિસ્તબધ્ધ સેનાની તરીકે દેશના ખેડૂતોને સત્યાગ્રહના ખમીરવંતા આંદોલનમાં જોડ્યા હતા. સરદાર પટેલ કિસાનપુત્ર હતા અને આઝાદ હિન્દુસ્તાનમાં નાયબ વડાપ્રધાન તરીકે આદર્શ સુશાસનની દિશા માટે દીવાદાંડી હતા. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નર્મદાના તટ ઉપર એક નવી ઐતિહાસિક ઘટના નવા સંકલ્પો શિલાન્યાસ થઈ રહ્યો છે તેનું ગૌરવ કરતા જણાવ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટિના નિર્માણ માટે તેમણે સેવેલા સપનાને સાકાર કરવા સહુનો સહયોગ, સમર્થન અને માર્ગદર્શન તેમણે મળ્યું છે. સરદાર સરોવર યોજનાનું સપનું પટેલનું હતું અને તેમના સપનાને સાકાર કરવા ગુજરાત સરકારે ગુજરાત જ નહીં રાજસ્થાન સુધી નર્મદાની મુખ્ય કેનાલનું નિર્માણ સંપન્ન કરી નર્મદાનું પાણી પહોંચાડ્યું છે. કચ્છના રણપ્રદેશમાં પણ નર્મદાના પાણી પહોંચાડવા ભગીરથ પ્રયાસો કર્યા છે. ગુજરાતમાં નર્મદાના પાણીના વ્યવસ્થાપન માટે આ સરકારે જે બજેટ ખર્ચ કર્યો છે તે અગાઉની બધી જ સરકારોના નર્મદા યોજનાના કુલ ખર્ચ કરતા વધારે છે. ગુજરાતની વર્તમાન સરકારે પાણીના પ્રબંધને ટોચ પ્રાથમિકતા આપી છે તેમ તેમણે જણાવ્યું હતું.

ઈતિહાસની ધરોહર સાક્ષી પુરે છે કે, ચાણક્યના રાજનૈતિક વ્યક્તિત્વની દુનિયાએ નોંધ લીધી છે તે પછી સરદાર પટેલે આવું રાજનૈતિક વ્યક્તિત્વ બતાવ્યું છે તેમ જણાવી મુખ્યમંત્રીએ દેશ માટે જીવી જનારા સરદાર પટેલને જ કોઈપણ સાથે જોડવા તે તેમને અન્યાય કરવા બરાબર છે તેઓ જે પક્ષ સાથે જોડાયેલા તે ઈતિહાસ છે અને નરેન્દ્ર મોદી પણ તેનો ઈનકાર નથી કરતા પરંતુ રાજકીય છુઆછુત આપણી સાંઝી વિરાસતમાં ચાલી શકે નહીં. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબ સેક્યુલર હતા પરંતુ સોમનાથ મંદિરનો જીર્ણોધ્ધાર તેમણે કર્યો હતો. આથી સરદાર સાહેબના સેક્યુલરની રાહ એજ સાચી મંઝીલ છે. જેમણે સમગ્ર સમાજોને દેશને એક રાખીને સેક્યુરાલિઝમનો આદર્શ દેશને માટે પ્રસ્તુત કર્યો હતો. આપણે આપણી વિરાસતને વિભાજીત કરી શકીએ પક્ષ કરતા દેશ મોટો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતની એકતા જ ભારતમાતાની ભક્તિ છે માતાના દૂધમાં દરાર ના હોઈ શકે, પ્રાંતવાદ, કોમવાદના સંઘર્ષ ભારતમાતાની એકતા સામે સંકટ પેદા કરે છે. હિન્દુસ્તાની નવી પેઢી અને આવનારી પેઢી ઈતિહાસને સાચા અર્થમાં સમજે અને જાણે તે માટે ઈતિહાસની આ વિરાસતનું સમાજ વ્યવસ્થામાં ગૌરવ થવું જોઈએ. સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આ સરદાર સ્મારક આવનારી પેઢીઓને ભારતની એકતાનો રાહત બતાવતો પ્રેરણા સંદેશ આપશે. ૧૫મી ડિસેમ્બરથી ભારતમાં એખતાનો સંદેશ મંત્ર ગૂંજે તે રીતે લોહાસંગ્રહ અભિયાનમાં જોડાવા તેમણે આહવાન કર્યું હતું.